# ધી અમદાવાદ એજ્યુકેશન સોસાયટી

કોમર્સ છ રસ્તા પાસે, યુનિવર્સિટી રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ફોન નં- ૦૭૯-૨૬૪૨૬૮૨૬, ૨૬૪૪૦૧૭૧


---

## ચુંટણી માટેની નોટીસ

અમદાવાદ એજ્યુકેશન સોસાયટીનું ઈલેકટોરલ રોલ તારીખ ૨૯/૦૪/૨૦૨૨ ના રોજ છેવટનું એટલે કે ફાઈનલ કરવામાં આવેલું છે અને તેના અનુસંધાનમાં ચુંટણી માટેની નોટીસ, તારીખ ૦૫/૦૫/૨૦૨૨ ના રોજની ઈલેકટોરલ રોલમાં દર્શાવેલ તમામ સભ્યોને પોસ્ટથી મોકલવામાં આવેલી છે. અને ઈલેકટોરલ રોલમાં જણાવ્યા મુજબ જે સભ્યોના સરનામા અમદાવાદ બહારના છે તેવા સભ્યોને તા. ૧૨/૦૬/૨૦૨૨ ના રોજની ચુંટણી માટેની નોટીસના અનુસંધાનમાં આ સપ્લીમેન્ટ્રી નોટીસ મોકલવામાં આવે છે.

૧. તારીખ ૨૯/૦૪/૨૦૨૨ ના રોજ જે ઈલેકટોરલ રોલ છેવટનું યાને ફાઈનલ કરવામાં આવેલું છે અને તેમાં જે પેટ્રન તથા વાઈસ પેટ્રન તથા ડોનર તથા ઓર્ડિનરી સભ્યોનું સરનામું અમદાવાદ બહારનું આવેલું છે, તેઓને ચુંટણીની તારીખ ૧૨/૦૬/૨૦૨૨ ના રોજની તારીખ પહેલા ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ નીચેની શરત નં-૨ ને આધિન બેલેટ પેપર તેઓના ઈલેકટોરલ રોલમાં દર્શાવેલા સરનામે, મોકલવામાં આવશે. અને તેવા પેટ્રન તેમજ વાઈસ પેટ્રન તેમજ ડોનર તેમજ ઓર્ડિનરી સભ્યોએ તે બેલેટ પેપર એવી રીતે પાછું મોકલવાનું રહેશે કે તે બેલેટ પેપર તારીખ ૧૨/૦૬/૨૦૨૨ ના રોજ સુધીમાં ચુંટણીના સમય દરમિયાન એટલે કે સાંજે ૫-૦૦ સુધીમાં સોસાયટીની ઓફીસે પહોંચે.

૨. અમદાવાદ સિવાયના બહારગામના બધાજ સભ્યોએ બેલેટ પેપર મેળવવા માટે પોતાની ઓળખના, આ સાથે સામેલ ચુંટણીની નોટીસના પેરા -૯ માં જણાવ્યા મુજબના, લાગુ પડતા પુરાવા તા. ૨૭/૦૫/૨૦૨૨ સુધીમાં સોસાયટીની ઓફીસે ટપાલ દ્વારા અથવા વ્યકિતગત રીતે જમા કરાવવાના રહેશે.

જે સભ્યોના પુરાવા આવ્યા હશે અને સંતોષકારક જણાશે તે જ સભ્યોને બેલેટ પેપર તેઓના સરનામે મોકલી આપવામાં આવશે.

૩. આ સાથે ચુંટણીનો વિગતવાર કાર્યક્રમ તથા તેને લગતી સૂચના માટે આ સાથે બીડેલ ચુંટણી અંગેની મુખ્ય નોટીસ ધ્યાને લેવાની રહેશે.

તા. ૦૫/૦૫/૨૦૨૨

સંજય લાલભાઈ
પ્રમુખ
અમદાવાદ એજ્યુકેશન સોસાયટી